# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-02-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## લગ્ન નોંધણી પ્રક્રિયા :

રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં હવે માતાપિતાને સમાવવામાં આવ્યા છે. ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ 2006'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં સુધારા સંદર્ભે નાયબ મુખ્યમંત્રીહર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહ નિયમો-44 હેઠળ મહત્વનું નિવેદન રજૂ કર્યું છે. તેમણે ગૃહમાં જણાવ્યું, લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે ચોક્કસપણે સખત પગલા લેવાશે. શ્રી સંઘવીએ કહ્યું, આ નવા નિયમો સામે વાંધા સૂચનો પણ મોકલી શકાશે. શ્રી સંઘવીએ ઉમેર્યું, લગ્નની નોંધણી વખતે હવે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે.ઉપરાંત એક સમિતિની પણ રચના કરાશે, જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરાશે.

**---------------------------------------------------------------------------------**

## ડી.ઈ.ઓ. દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ :

બોર્ડની પરીક્ષા નજીકહોવાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે માતૃછાયા કન્યા વિદ્યાલય અને માધાપર મોડેલ સ્કૂલની મુલાકાત લીધી હતી. તેમણે 500થીવધુ દીકરીઓને પરીક્ષા ખંડમાં શાંત ચિત્તે અને આત્મવિશ્વાસ સાથે કાર્ય કરવા તેમજ સ્પષ્ટ લખાણ લખવા માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ વાલીઓને બાળકો પર અપેક્ષાનું ભારણ ન રાખવા અપીલ કરી હતી.માતૃછાયાના આચાર્યા સુહાસબેન તન્નાએ ૧૦૧થી વધુ દીકરીઓ 'A' ગ્રેડ મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. માધાપર મોડેલ સ્કૂલ ખાતે જિલ્લા

શિક્ષણઅધિકારે ૯૮ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને તેજસ્વી વિદ્યાર્થી રાજગર ગુંસાઈને વ્યક્તિગત માર્ગદર્શન આપ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં ઉની-પ્રદર્શન સહ વેંચાણ :

કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રાલયના સેન્ટ્રલ વૂલ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ૧૮ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ભુજહાટમાં પાંચ દિવસીય ઊની પ્રદર્શન-સહ-વેચાણ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.જેનું ઉદ્ઘાટન બોર્ડના કાર્યકારી નિદેશક જી.એસ. ભાટીના હસ્તે કરાયું હતું. આપ્રસંગે ઇસ્માઇલભાઈ ખત્રી અને કચ્છ વિવર્સ એસોસિએશનના પૂર્વ પ્રમુખ  મેઘજીભાઈ વણકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ એક્સ્પોનો મુખ્યહેતુ કચ્છના ઊની હાથવણાટ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક વણકરોને સીધુંબજાર પૂરું પાડવાનો છે. આ માટે કારીગરોને નિઃશુલ્ક સ્ટોલ ફાળવાયા છે, જેથી તેઓ ગ્રાહકો સાથે સીધો સંવાદ કરી શકે. શ્રી ભાટીએ પશુપાલકોથી લઈને બજાર સુધીની 'વૂલ વેલ્યુ ચેઇન' મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. પશુપાલન અને પરંપરાગત શિલ્પના સમન્વય સમાન આ પ્રદર્શન ૨૨ ફેબ્રુઆરી સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામ અને આદિપુરની જર્જરિત ઈમારતો :

ગાંધીધામ અને આદિપુર જોડિયા શહેરોમાં વર્ષો જૂની જર્જરિત ઇમારતોનો જોખમ વધતા મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તંત્રએ આદિપુરની ૭૬ અને ગાંધીધામની ૬૮ મળી કુલ ૧૪૪ જોખમી ઇમારતોને નોટિસ ફટકારી છે. રહેણાંક અને વાણિજ્યિક હેતુની આ ઇમારતોને નિર્ધારિત સમયમાં મરંમત કરવા અથવા તોડી પાડવા ચેતવણી અપાઈ છે.ભૂતકાળમાં બાલ્કનીઓ તૂટવાની ઘટના બાદ હવે તંત્ર સક્રિય થયું છે. મહાનગરપાલિકા બન્યા બાદ વહીવટી તંત્ર એ જવાબદારી લઇ આ અંગે કામગીરી હાથ ધરી છે

-----------------------------------------------------------------------------------------

## હાજીપીર માર્ગ :

દેશલપર ગુંતલી ફાટકથી હાજીપીર સુધીના 32 કિ.મી. લાંબા સી.સી. રોડનું ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાનાહસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. રૂપિયા 82 કરોડના ખર્ચે બનનારો આ માર્ગ કચ્છનો સૌથી મોટો અને રાજ્યનો ચોથા નંબરનો સંપૂર્ણ સિમેન્ટ રોડ હશે. આ માર્ગ હાજીપીર યાત્રાધામ, નમક ઉદ્યોગ અને સરહદી વિસ્તાર માટે વિકાસની નવી કડી સાબિતથશે.ધારાસભ્યએ જણાવ્યું કે, કામગીરી દરમિયાન થોડી અગવડ પડશે પણ ભવિષ્યમાં આ માર્ગ સમસ્યાઓનું કાયમી નિવારણ લાવશે. નાયબ કાર્યપાલક ઈજનેર સી.વી. બોરડેના જણાવ્યા મુજબ, સેન્સર પેવર મશીન અને 150 શ્રમિકોની મદદથી આ કામ માત્ર છ માસમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

---------------------------------------------------------------------------------

## બજેટ અંગે ચર્ચાસત્ર :

કચ્છ જિલ્લા ભાજપ અનેચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બજેટ-૨૦૨૬ના પ્રાયોગિક પાસાઓ પર પ્રકાશ પાડવા ચર્ચાસત્રયોજાયું હતું. ચેમ્બર પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું કે, આ બજેટ એમ.એસ.એમ.ઈ. અને ટૂરિઝમ ક્ષેત્રે નવી તકો લાવશે. મુખ્ય વક્તા સી એ માવજીભાઈ સોરઠિયાએ તેને 'વિઝન-૨૦૪૭' તરફ દોરી જતું વિકાસલક્ષી બજેટ ગણાવ્યું હતું.ચર્ચામાં પોર્ટ, શિપિંગ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે પરિવહન વ્યવસ્થા વિકસાવવાની જોગવાઈઓ પર ભાર મુકાયો હતો.  આ કાર્યક્રમમાં ઉદ્યોગ જગત અને નાણાંકીય તજજ્ઞોએ બજેટને રાષ્ટ્રીય સમૃદ્ધિનો દસ્તાવેજ ગણાવ્યો હતો.

---------------------------------------------------------------------------------

## માંડવી નગરપાલિકા :

માંડવી નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં આગામી વર્ષ 2026-27માટે રૂપિયા 54.08 કરોડનું અંદાજપત્ર રજૂ કરાયું હતું. કારોબારી ચેરમેન વિશાલ ઠક્કરના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં ઓક્ટોબર-ડિસેમ્બરના હિસાબોને બહાલી

આપીશહેરના વિકાસલક્ષી પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં પ્રિ-મોન્સુન કામગીરી, નવા વીજપોલ અને ઉનાળામાં પાણીની અછત નિવારવા રૂકમાવતી નદીમાં નવા બોર બનાવવાની મંજૂરી અપાઈ હતી. આ ઉપરાંત, જી.ટી.ગ્રાઉન્ડનું નવીનીકરણ અને વરસાદી કેનાલોના નિર્માણનો નિર્ણય લેવાયો હતો.

---

## મનકી બાત :

પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદી આ રવિવારે 22 ફેબ્રુઆરીએ મન કી બાતની 131મી કડીમાં દેશવિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક પર કરાશે. “મન કી બાત” કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. ઍપ પર પણ ઉપલબ્ધ રહેશે. નાગરિકો આજે રાત્રિના 12 વાગ્યા સુધીમાં પોતાના MYGOV પોર્ટલઅને ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર સૂચનો મોકલી શકશે.

---